Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-3,December-2017

# કૃષિક્ષેત્રે ઊભા થતા પ્રશ્નો અને તેના ઉપાયો

ડો. પ્રભાવંતી જી. શેરઠીયા
અધ્યાપક સહાયક (અર્થશાસ્ત્ર વિભાગ)
શ્રી બી.પી.બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ.એચ.ગુરૂ કોમર્સ કોલેજ, ઊંઝા

**પ્રસ્તાવનાઃ**

ભારત ગામડાંઓનો બનેલો દેશ છે. આજે પણ મોટાભાગની વસતી ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે, માટે ભારતને આજે પણ ગ્રામીણ દેશ તરીકે ઓળખાવી શકાય. ભારતમાં કુલ 5.5 લાખથી પણ વધારે ગામડાંઓ છે જેમાં મુખ્ય વ્યવસાય કૃષિ, પશુપાલન અને તેની સાથે સંકળાયેલ કેટલાક વ્યવસાયો મુખ્ય છે. ઘણાં વર્ષો પહેલાં ભારતમાં ખેતી માત્ર ગુજરાન ચલાવવા માટે જૂની પુરાણી પધ્ધતિથી થતી હતી પરંતુ આજે મોટાભાગના ખેડૂતોનું દ્રષ્ટિબિંદુ બદલાયું છે. ખેતી માત્ર ગુજરાન ચલાવવા પુરતી સીમિત ન રહેતાં તેને એક વ્યાપરીક દ્રષ્ટિકોણથી સ્વીકારવામાં આવી છે. ખેતીમાં કઇ રીતે વધુમાં વધુ ઉત્પાદન થાય અને ઉત્પાદકતા વધારીને, ખેતીની આવકમાં વધારો થાય તેવી પધ્ધતિઓનો ઉપયોગ અત્યારે ખેડૂતો દ્વારા કરવામાં આવી રહ્યો છે. આજે રાષ્ટ્રીય આવકમાં પણ કૃષિક્ષેત્ર મહત્વનો હિસ્સો ધરાવે છે તેમજ આર્થિક વિકાસમાં પણ કૃષિક્ષેત્રનું ખૂબ મહત્વ રહેલું છે. ભારતમાં કૃષિ સુધારણા, હરીયાળી ક્રાંતિ, યાંત્રિકરણ, સિંચાઇની સગવડો જેવાં ઘણા પરિબળોને કારણે ગ્રામિણ અર્થવ્યવસ્થા પણ નફાલક્ષી અને બજારલક્ષી થવા લાગી છે. કૃષિક્ષેત્ર દ્વારા ખેત ઉત્પાદનનું વેચાણ જુદાજુદા શહેરોમાં અને પ્રદેશોમાં તેમજ બીજા દેશોમાં પણ થવા લાગ્યું છે અને અઢળક પ્રમાણમાં નફો તેમજ વિદેશી હુંડીયામણ પણ મેળવી શકાય છે. તેના દ્વારા દેશનાં આર્થિક વિકાસમાં આ ક્ષેત્ર મહત્વનો ફાળો આપે છે. તેનાં પરિણામ સ્વરૂપે, આજે ગ્રામ્ય વિસ્તારમાં ટી.વી., મોબાઇલ, નેટ કનેક્શન, ટેલીફોન, ઇ-મેઇલ વગેરે જેવી સેવાઓ ઉપલબ્ધ બની છે.

**કૃષિક્ષેત્રે ઊભા થતાં પ્રશ્નોઃ**

આટલી બધી સુવિધાઓ ગ્રામ્યકક્ષાએ વધવા પામી અને સંપૂર્ણ પરિવર્તન આવેલું હોવા છતાં, આજે કૃષિક્ષેત્ર સામે ઘણા બધા પ્રશ્નો પડકાર સ્વરૂપે રહેલા છે. આ પ્રશ્નોને નીચે પ્રમાણે દર્શાવી શકાય.

(1) **અનિશ્ચિત અને નીચી કિંમતોઃ** ખેતી દ્વારા ઉત્પન્ન થયેલી વસ્તુઓ મોટાભાગે એકજ સમયે ઉત્પન્ન થઇ શકે છે. માટે એક સાથે મોટો જથ્થો બજારમાં ઉપલબ્ધ બને છે અને તેના કારણે ખેત ઉત્પાદનની કિંમત ઘણી નીચી રહેવા પામે છે. જ્યારે અમુક સમય પછી વસ્તુની કૃત્રિમ અછત ઊભી કરીને સંગ્રહખોરો દ્વારા કિંમતોમાં વધારો કરવામાં આવે છે. આમ ઉત્પાદનની કિંમતો ખેડૂતોને નીચી મળે છે જ્યારે ખરીદનારને વધુ કિંમત ચૂકવવી પડે છે. આમ કિંમતમાં અનિશ્ચિતતા ઊભી થાય છે અને ખેડૂતોને કૃષિક્ષેત્રમાંથી પૂરતો નફો મળતો નથી.

(2) **અનિયમિત વરસાદ અને સિંચાઇની અપૂરતી સુવિધાઓઃ** ભારતની ખેતી કુદરત સામેનો જુગાર છે. જો વરસાદ નિયમિત અને પૂરતા પ્રમાણમાં પડે તો કૃષિક્ષેત્રે સારૂ ઉત્પાદન મેળવી શકાય છે. પરંતુ કમનસીબે ભારતમાં વરસાદનું પ્રમાણ સરેરાશ રીતે જોઇએ તો મોટાભાગે અનિયમિત છે. અમુક વિસ્તારમાં ખૂબ વધુ તો અમુક વિસ્તારમાં ખૂબ ઓછો વરસાદ પડે છે. આ ઉપરાંત સમગ્ર દેશમાં સિંચાઇની પૂરતી સગવડ ન હોવાને કારણે પણ આજે ઘણી જમીનમાં માત્ર કુદરત આધારીત ખેતી થાય છે. જે કૃષિક્ષેત્રે મોટામાં મોટો યક્ષ-પ્રશ્ન કહી શકાય છે.

(3) **વૈજ્ઞાનિક ખેતપદ્ધતિનો અભાવઃ** મોટા ભાગની વસતિ ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. જે અશિક્ષિત અને રૂઢીગત માનસ ધરાવે છે. માટે અમુક ખેડૂતોને બાદ કરતાં મોટાભાગનાં ખેડૂતો વૈજ્ઞાનિક પદ્ધતિનો ઉપયોગ પોતાની ખેતીમાં કરતા નથી, તેથી ખેતઉત્પાદન તેમજ ઉત્પાદકતા નીચી રહેવા પામે છે. આજે પણ મોટાભાગનાં લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હોવા છતાં ભારતમાં પૂરતાં પ્રમાણમાં અનાજનું ઉત્પાદન થઇ શક્તું નથી અને વિદેશમાંથી આયાત કરવી પડે છે. તાજેતરમાં જ દેશમાં દાળના ભાવને નિયંત્રણમાં રાખવા માટે સરકારને તેની વિદેશમાંથી આયાત કરવી પડી હતી. અમેરીકામાં માત્ર છ ટકા લોકો ખેતી કરતા હોવા છતાં વૈજ્ઞાનિક પદ્ધતિને કારણે અઢળક ઉત્પાદન મેળવી શકે છે.

(4) **જમીન પર વસતિનું વધતું જતું દબાણઃ** ભારતમાં કૂદકેને ભૂસકે વધતી જતી વસતિને કારણે અને મૃત્યુદરનું પ્રમાણ નીચું હોવાથી જમીન પર વસતિનું સતત ભારણ વધતું જાય છે. આ વધતી જતી વસતિને રહેવા માટે તેમજ આરોગ્ય અને શિક્ષણ જેવી સુવિધાઓ આપવા માટે, ખેતીની જમીનને બિનખેતી કરવામાં આવે છે. અને ખેતીલાયક જમીનનું પ્રમાણ સતત ઘટતું જાય છે. જો આ રીતે જ વસતિનું દબાણ વધતું રહેશે

તો એક સમયે ભારતમાં વસતિનું જીવન ટકાવી રાખવા માટે ઉત્પાદન કરવા લાયક જમીન ખૂબ ઓછી થઇ જશે જે એક ચિંતાનો વિષય છે.

(5) **નાના ખેડાણ ઘટકો**: ભારતમાં પરંપરાગત વ્યવસાય ખેતી હોવાથી મોટાભાગના ખેડૂતોને વારસામાં ખેતી આપવામાં આવે છે. ત્યારે મોટાભાગના ખેડાણ ઘટકોનું નાના નાના ટૂકડાઓમાં વિભાજન થઇ જતાં આ ખેડૂતો નાના અને સિમાંત બની જાય છે. માટે તેઓ ખર્ચાળ એવી આધુનિક ઉત્પાદન પદ્ધતિ અને ઓજારોનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરી શકતા નથી માટે ખેત-ઉત્પાદન ઘટે છે.

(6) **કુદરતી આફતો**: ઘણી વખત પૂર, હોનારત, વાવાઝોડું, ભૂકંપ, ઊભા પાકમાં રોગ, માવઠું જેવી ઘણી કુદરતી આફતોથી કૃષિક્ષેત્રે ખૂબજ નુકસાન થાય છે અને ત્યારે તેમાંથી બહાર નીકળવા માટે ખેડૂતોને પોતાની ઘણી બધી શક્તિ, સમય અને નાણાંનો વ્યય કરવો પડે છે. અને આવા વર્ષોમાં કૃષિક્ષેત્રનું ઉત્પાદન થતું નથી અથવા તો ઓછું થાય છે.

(7) **નિકાસમાં ઘટાડો**: આજે મોટા ભાગનાં અર્થતંત્રો મંદીનો સામનો કરી રહ્યા છે ત્યારે ભારત પણ તેમાંથી બાકાત નથી રહી શક્યું, ઘણા બધા ઉદ્યોગોમાં મંદી આવવાથી આવા ઉત્પાદક એકમો બંધ કરવા પડ્યા છે અને તેની અસર ખેતીક્ષેત્રે પણ થઇ છે. ખેતઉત્પાદનની નિકાસો થતી હતી તેમાંથી કેટલીક મંદીના કારણે કેટલાક દેશોએ આયોત કરવાનું બંધ કરી દીધું. તદ્ઉપરાંત, ભારતમાં વસતિ વધારાને કારણે વસ્તુઓનો વપરાશ વધ્યો હોવાથી નિકાસમાં ઘટાડો થયો છે.

(8) **રસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના વ્યાપક ઉપયોગથી ખેતીમાં થયેલું નુકશાન**: ઊંચી ઉત્પાદકતા અને વધું ઉત્પાદન તેમજ નફો મેળવવા ખેડૂઓએ રસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનો વ્યાપક ઉપયોગ શરૂ કર્યો જેનાથી શરૂઆતમાં ખેતઉત્પાદન અને ઉત્પાદકતા ખૂબ વધવા લાગી પરંતુ ધીમે ધીમે તે ઝેર સમાન સાબિત થયું અને સમય જતાં ખેતીની જમીન રસકસ વિનાની બનતી ગઇ અને ખેતઉત્પાદનો પણ ઝેરીલાં બની ગયાં. તેમજ ખેતીની જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થયો અને લાંબાગાળે ખેત ઉત્પાદન ઘટ્યું.

(9) **ગ્લોબલ વર્મિંગની ખેતી ઉપર ખરાબ અસર**: ઉદ્યોગીકરણની પ્રક્રિયાને કારણે વિશ્વમાં હવામાં પ્રદૂષણનું પ્રમાણ વધવાથી ગ્લોબલ વર્મિંગ જેવી સમસ્યા ઉત્પન્ન થઇ, જેની અસરથી હવામાન બદલાયું અને ગરમીનું

પ્રમાણ વધતાં બરફ પીગળવાથી નદીઓમાં કમોસમી પુર આવવા લાગ્યાં જેનાંથી ઘણી જમીનનું ધોવાણ થયું, જે ખેતીક્ષેત્ર સામેનો પડકાર છે.

**(10) ગરીબી અને બેરોજગારીઃ** ભારતનાં ગામડાઓમાં મોટા ભાગનાં ખેડૂતો ગરીબીમાં જીવે છે. કેમકે તેમની પાસે જે ખેડાણ ઘટક છે તે ખૂબ નાના છે. માટે તેમાંથી પૂરતી આવક મળતી નથી. ઉપરાંત ભારતની ખેતી કુદરત આધારીત હોવાથી પૂરતું ઉત્પાદન મળી શકતું નથી માટે ખેડૂતો ગરીબીરેખાની નીચે જીવન વિતાવે છે અને ખેતીમાં મોસમી રોજગારી જ મળે છે. બાકીના સમયમાં ખેતી સાથે સંકળાયેલા લોકોને ફરજીયાત બેકાર રહેવું પડે છે. કૃષિક્ષેત્રે બે પ્રકારની બેકારી જોવા મળે છેઃ પ્રચ્છન્ન બેકારી અને મોસમી બેકારી.

**(11) ખેતમજુરોની અછત અને ઊંચા વેતન દરઃ** શહેરીકરણની પ્રક્રિયાને કારણે ગ્રામ્ય વિસ્તારના મોટાભાગના યુવાનો શહેરી જીવનશૈલીથી આકર્ષાઇને શહેરોમાં સ્થળાંતર કરવા તરફ વળ્યા. માટે કૃષિક્ષેત્રે ખેતમજુરોની ખૂબ મોટા પ્રમાણમાં અછત વરતાય છે. બીજું કે આ વ્યવસાયમાં એકજ સમયે ઘણાં બધા ખેતમજુરોની એક સાથે જરૂરીયાત ઉદભવે છે અને ત્યારે ગામડાઓમાં મજુરોનું પ્રમાણ ઓછું હોવાથી વેતન દરમાં ખૂબ વધારો થાય છે. જે ખેડૂતોને કૃષિક્ષેત્ર માટે ખેતી કરવાનું મુશ્કેલ બનાવી દે છે.

**<u>પ્રશ્નોને હલ કરવાના ઉપાયોઃ</u>**

પ્રાચીન સમયથી ભારત કૃષિક્ષેત્ર સાથે સંકળાયેલ દેશ હોવા છતાં પણ આટલા બધા વર્ષો પછી પણ આ ક્ષેત્ર એના પ્રશ્નોથી મુક્ત થયેલ નથી પણ તેનો અર્થ એવો ન કરી શકાય કે તેનો કોઇ ઉકેલ જ લાવી શકાય તેમ નથી. કોઇ પણ સમસ્યાનો ઉકેલ હોય જ છે તેવી રીતે આ પ્રશ્નોને હલ કરવા માટે પણ નીચેનાં ઉપાયો યોજી શકાય.

**(1) નિશ્ચિત કિંમત માળખુઃ** કૃષિક્ષેત્રે ઊભા થયેલા પ્રશ્નોને ઉકેલવા માટે ખેત ઉત્પાદનની કિંમતમાં નિશ્ચિતતા જળવાય તે ખૂબ જરૂરી છે. ભારતમાં કૃષિભાવનીતિનો છેક 1951 થી અમલ થયેલ છે. જેમાં ભાવ ગ્રાહકના કલ્યાણ માટે જ નક્કી થતા હતા પરંતુ ખેત ઉત્પાદન સાથે સીધી રીતે સંકળાયેલા ઉત્પાદકોનું હિત આ ભાવનીતિમાં વિચારવામાં આવેલું ન હતું, માટે 1964 માં અન્નના ભાવની સમિતી નિમાઈ, જેમાં પણ ભાવમાં નિશ્ચિતતા આવે તેવી કોઇ ભલામણ કરવામાં આવેલ ન હતી. અને અંતે સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવ નક્કી થયા. પરંતુ તેમાં પણ વિસંગતતાઓ રહેલી છે. જેને દૂર કરીને ખેત ઉત્પાદનનું નિશ્ચિત કિંમત માળખું ગોઠવવામાં આવે તો ખેડૂતો ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહિત થઇ શકે.

(2) **સિંચાઇની સુવિધાઓ વધારવી**: ભારતમાં વધુમાં વધુ ગ્રામ્ય વસતિ કૃષિવ્યવસાય ઉત્સુક્તાથી સ્વિકારે એ માટે ખેતીમાં સિંચાઇની સુવિધામાં વધારો કરવાની ખાસ જરૂર છે. ભારતમાં સિંચાઇની સુવિધા ઉપલબ્ધ છે જ છતાં પણ દેશનાં 25 જીલ્લાઓમાં વરસાદ ખૂબ ઓછો પડે છે. જેમાં ખેતી માટે આવશ્યક વરસાદ 1125 મી.મી. વાર્ષિક જરૂરી છે. જેની સામે આ જીલ્લાઓમાં વાર્ષિક વરસાદ માત્ર 375 મી.મી. થી 750 મી.મી. જેટલો જ પડે છે. માટે ત્યાં સ્વાભાવિક રીતે જ સિંચાઇની સુવિધાઓ ઓછી હોય જેમાં વધારો કરવા માટે બોરીબંધ, ડેમ, કૂવારિચાર્જ, ખેતતલાવડી જેવાં પગલાં ભરવાં જોઇએ. ઉપરાંત આવા વિસ્તારોમાં ઇઝરાયલની જેમ ખૂબ ઓછા પાણી દ્વારા વધુ ઉત્પાદન મેળવવાની પદ્ધતિ અપનાવવી જોઇએ.

(3) **વૈજ્ઞાનિક ખેત પદ્ધતિનો ઉપયોગ કરવો જોઇએ**: આજે પણ ભારતમાં ઘણાં ખેડૂતો અશિક્ષિત છે માટે તેઓ વૈજ્ઞાનિક ખેત પદ્ધતિ અમલમાં મુકતા નથી. પરંતુ આવા ખેડૂતોનું માનસ પરિવર્તન થાય અને તેને પણ વૈજ્ઞાનિક ખેત પદ્ધતિ દ્વારા થતા ફાયદાઓની જાણકારી આસાનીથી મળી શકે તેવાં પ્રયત્નો કરવા જોઇએ અને ખેતીમાં જૂની પુરાણી પદ્ધતિને બદલે આધુનિક ઓજારો અને સંશોધિત બીયારણનો ઉપયોગ કરવાની મોટા ભાગનાં ખેડૂતોને પ્રેરણાં મળે તેમજ તેઓ વૈજ્ઞાનિક ખેત પદ્ધતિ અપનાવે તો ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો કરી શકે.

(4) **પાકની તરાહ બદલવી જોઇએ**: ખેડૂતો દ્વારા લગભગ એકજ સરખા પાકનું દર વર્ષે ઉત્પાદન કરવામાં આવતું હોય છે. પરંતુ તેને બદલે પાકની એવી જુદીજુદી તરાહ અપનાવવી જોઇએ કે જેનાં દ્વારા ઉત્પાદનનું પ્રમાણ વધી શકે. કારણ કે એક જ પાકનું ઉત્પાદન વારંવાર કરવાથી તે જમીનમાંથી તે પાકને અનુરૂપ તત્વોનું શોષણ થઇ જાઇ છે માટે એજ પાકનું શરૂઆતમાં વધુ ઉત્પાદન થતું હોય પરંતુ સમય જતાં તેમાં ઘટાડો થાય છે. માટે ઉત્પાદનમાં જુદા જુદા પાક કે જે જમીનને અનુકુળ હોય તેનું ઉત્પાદન કરવું જોઇએ અને નફામાં વધારો કરવો જોઇએ.

(5) **પશુપાલન ઉદ્યોગને વૈકલ્પિક વ્યવસાય તરીકે વિકસાવવો જોઇએ**: ગ્રામ્યકક્ષાએ કૃષિક્ષેત્રે પ્રચ્છન્ન અને મોસમી બેકારી જોવા મળે છે જેને દૂર કરવા માટે ખેત વ્યવસાયનાં વિકલ્પ તરીકે પશુપાલન ઉદ્યોગ વિકસાવવો જોઇએ અને ખેતીની બેકારી દૂર કરીને આ બીજા વ્યવસાયમાંથી સારૂ વળતર મળી રહે તેવા પ્રયત્નો કરવા જોઇએ. જેથી ગામડામાંથી શહેરમાં સ્થળાંતરની પ્રક્રિયા પણ ઓછી થઇ શકે અને ગ્રામ્ય વસતિને વતનમાં જ રોજગારી મળી શકે.

**(6) ગૌક્રાંતિ દ્વારા ડેરી ઉદ્યોગ વિકસાવવો જોઇએ:** આપણાં દેશમાં આણંદની અમૂલ જેવી મોટી ડેરીના કારણે શ્વેતક્રાંતિ થયેલ છે. પરંતુ ગ્રામ્ય કક્ષાએ ડેરી ઉદ્યોગનો પૂરતા પ્રમાણમાં વિકાસ થયેલો નથી. તે માટે શ્રેષ્ઠ દૂધ આપનાર એવી ગીર ગાયનું પ્રમાણ વધારીને ગૌક્રાંતિ લાવી શકાય કારણકે ગીરગાયનું દૂધનું સરેરાશ વાર્ષિક ઉત્પાદન 3000 થી 3500 લિટર છે. જેનાં દ્વારા ડેરી ઉદ્યોગનો ગામડાઓમાં વિકાસ થઇ શકે તેમ છે. ગાયનું દૂધ ઘણાં રોગોમાંથી મુક્તિ અપાવી શકે છે. ગાય આધારીત ઘણાં ઉદ્યોગો જેવાં કે ગૌમુત્ર આધારીત દવા ઉદ્યોગ, ગૌમુત્ર, ગોબર, છાણ આધારીત સેન્દ્રીય ખાતર, સેન્દ્રીય દવા, બાયો ગેસ, ડેરી ઉદ્યોગ વગેરેનો વિકાસ કરી રોજગારી અને નિકાસમાં વધારો કરવામાં આવે તો આવકમાં વધારો કરી શકાય.

**(7) લઘુ ઉદ્યોગો અને ગ્રામોદ્યોગો વિકસાવવા:** ભારત એ ગામડાઓનો બનેલો દેશ છે માટે ગ્રામ્યકક્ષાએ ઉત્પાદન થઇ શકે તેવાં લઘુ ઉદ્યોગો અને ગ્રામોદ્યોગો વિકસાવવા જોઇએ જેમાં ચર્મ ઉદ્યોગ, કુટીર ઉદ્યોગ, ખાદ્ય પદાર્થની બનાવટો તેમજ મસાલા ઉદ્યોગ જેવાં નાના ઉદ્યોગની સ્થાપના કરીને ખેત ઉત્પાદનની કિંમતમાં વધારો કરી શકાય અને ખેડૂતોને વધુ ઉત્પાન કરવામાં માટે પ્રોત્સાહિત કરી શકાય. ગાંધીજીએ પણ ભારત માટે ખેતી અને આવા ગ્રામોદ્યોગો-લઘુ ઉદ્યોગો દ્વારા આર્થિક વિકાસની હિમાયત કરેલી છે.

**(8) સજીવખેતી તરફ વળવું જોઇએ:** વર્તમાન સમયમાં ખેડૂતો દ્વારા ઉપરછલ્લી રીતે સારી દેખાતી એવી જતુંનાશક દવાઓ અને રાસાયણીક ખાતરનો બેફામ ઉપયોગ થવાને કારણે ખેતીલાયક જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થયો છે. જેને દૂર કરવા માટે હવે માત્ર એક જ ઉપાય બચ્યો છે ખેડૂતો છાણીયા ખાતરને સજીવ ખેતી તરફ વળે. તો જ ખેતી માટેની જમીનમાં ફરીથી ફળદ્રુપતાનો સંચાર કરી શકાય તેમ છે. માટે ખેડૂતોને સજીવખેતી અપનાવવા સમજાવવા જોઇએ.

**(9) ગ્લોબલવર્મિંગની અસર ઓછી થાય તેવા પ્રયત્નો કરવા જોઇએ:** આજે સમગ્ર વિશ્વમાં ગ્લોબલવર્મિંગીની સમસ્યા ઊભી થઇ છે. ખેત વ્યવસાય પણ તેમાંથી બાકાત નથી પરંતુ આ સમસ્યાની અસરને ઓછી કરવા માટે વધુ વૃક્ષોનું વાવેતર કરવું જોઇએ, જેનાં દ્વારા હવાનું શુદ્ધિકરણ થાય છે. તેમજ હવાંમાં પ્રદુષણ ફેલાવતા સ્ત્રોતોને બદલે ઇંધણમાં સૌર ઉર્જાનો વધુ ઉપયોગ કરીને વાતાવરણની ગરમી અને પ્રદુષણને દૂર કરવા જોઇએ.

**ઉપસંહાર:**

આમ દાયકાઓથી ખેતીપ્રધાન રહેલા એવા ભારત દેશ માટે કૃષિક્ષેત્રમાં અનેક પ્રશ્નો આજે પણ ઊભા છે, કેમકે ઉદ્યોગોની તુલનાએ કૃષિક્ષેત્ર હજી સુધી પૂરતાં પ્રમાણમાં વિકસીત થયેલ નથી જેનાં ઘણાં કારણો છે.

પરંતુ તેનાં ઉપાયો દ્વારા કૃષિક્ષેત્રને વધુ પ્રમાણમાં વિકસાવવાની ભરપૂર શક્યતાઓ આપણાં દેશમાં પડેલી જ છે. તેના માટે પ્રયત્નો કરવા જોઇએ.

**સંદર્ભ સૂચિઃ**


(1) **ડો. વિષ્ણુશંકર એચ. જોષીઃ ભારતની આર્થિક સમસ્યાઓ ભાગ 1,**

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(2) **શ્રી રતિલાલ જેઠાભાઇ પટેલઃ કૃષિઅર્થશાસ્ત્ર**

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.

(3) **પ્રિ. શાસ્ત્રી-ડો દેસાઇઃ અર્થશાસ્ત્રનાં સિધ્ધાંતો**

પોપ્યુલર પ્રકાશન, સુરત.